

જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે.

*—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૯*


કહાન સં. ૨૪ સં. ૨૦૬૦ [૭૨૩] * **આત્મધર્મ** * [અંક-૭ વર્ષ-૬૦] વીર સં. ૨૫૩૦ જાન્યુઆરી-૨૦૦૪

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ અવિરત સમ્યગ્દૃષ્ટિકે ભીતર શુદ્ધ આત્મતત્ત્વકા પ્રકાશ યા અનુભવ યા દર્શન હો જાતા હૈ. ઉસકે અંતરંગમેં શુદ્ધાત્મા ઝલક જાતા હૈ. વહ શુદ્ધ ભાવોંકો અશુદ્ધ ભાવોંસે ભિન્ન જાનકર સર્વ હી અશુદ્ધ ભાવોંકા ત્યાગી હો જાતા હૈ. ૭૯૯. *(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૫૨)*

❀ અનંત સંસાર પરિપાટીના કારણરૂપ એ વિવાહ આદિ કાર્યો કરવા-કરાવવાવાળા જે પોતાના કુટુંબીજનો તે જ ખરેખર આ જીવના એક પ્રકારે વેરી છે. જે એક જ વાર પ્રાણ હરણ કરે તે વેરી નથી પરંતુ આ તો અનંતવાર મરણ કરાવે છે તેથી તે વેરી છે, માટે તેઓને હિતસ્વી માની તેઓ પ્રત્યે રાગ કરવો કે તેઓના રાગે અંધ થવું એ તને ઉચિત નથી. ૮૦૦. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૮૪)*

❀ જો ઇન્દ્રિયોંકે વિષયોકી ઇચ્છાઓંકા દમન કરનેવાલા આત્મા શરીરમેં યાત્રિકે સમાન પ્રસ્થાન કરતે હુએ અપને આત્માકો અવિનાશી સમજતા હૈ વહી ઇસ ભયાનક સંસારરૂપી સમુદ્રકો ગાયકે ખુરકે સમાન લીલામાત્રમેં પાર કરકે શીઘ્ર હી મોક્ષરૂપી લક્ષ્મીકો પ્રાપ્ત કર લેતા હૈ. ૮૦૧.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૩૮)*

❀ શ્રમણ એકાગ્રતાને પ્રાપ્ત હોય છે; એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને હોય છે; (પદાર્થોનો) નિશ્ચય આગમ દ્વારા થાય છે; તેથી આગમમાં વ્યાપાર મુખ્ય છે. ૮૦૨. *(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૩૨)*

❀ નિશ્ચયથી રાત્રે ભોજન કરવામાં અધિક રાગભાવ છે અને દિવસે ભોજન કરવામાં ઓછો રાગભાવ છે, જેમ અન્નના ભોજનમાં રાગભાવ ઓછો છે અને માંસના ભોજનમાં રાગભાવ અધિક છે. ૮૦૩.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, ગાથા-૧૩૨)*

❀ તત્કાલ પ્રાણોને હરનારું ઝેર ખાઈ લેવું સારું, ભયંકરપણે સળગતી અગ્નિમાં પ્રવેશીને બળીને રાખ થઈ જવું સારું અને અન્ય કોઈ પણ કારણ વડે યમરાજની ગોદમાં સમાઈ જવું સારું, પરંતુ તત્ત્વજ્ઞાનથી રહિતપણે આ સંસારમાં જીવવું સારું નથી. ૮૦૪.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૦૩)*

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૦
અંક-૭
[૭૨૭]




વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
JAN.
A.D. 2004

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# વીતરાગ સ્વસંવેદન જ્ઞાન વિના મુક્તિ નથી

(શ્રી પરમાત્માપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન. નં-૧૧૮)

આ, પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, બીજો અધિકાર ચાલે છે. ૭૧ ગાથા પૂરી થઈ છે. હવે વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની મુખ્યતાથી કથન છે.

दाणिं लब्भइ भोउ पर इंदत्तणु वि तणेव ।
जम्मण-मरण-विवज्जियउ पउ लब्भइ णाणेण ॥७२॥

દાનથી પાંચ ઇન્દ્રિયના ભોગ નિયમથી પ્રાપ્ત થાય છે અને તપથી ઇન્દ્રપદ મળે છે તથા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી જન્મ-જરા-મરણ રહિત જે મોક્ષપદ છે તે મળે છે.

ભાવાર્થ :—આહાર, અભય, ઔષધ અને શાસ્ત્ર આ ચાર પ્રકારના દાન જો આ જીવ સમ્યક્ત્વ સહિત કરે તો તે પરંપરા મોક્ષ પામે છે.

સમકિત સહિત તપ જોકે પ્રથમ અવસ્થામાં એટલે કે સવિકલ્પ દશામાં કરે તો તેના ફળમાં દેવેન્દ્ર, ચક્રવર્તી આદિની વિભૂતિ પામે છે. કારણ કે શુભરાગ સંયોગને જ પ્રાપ્ત કરાવે છે.

આત્મા તો એકલા અમૃતનું ઝાડ છે, અતીન્દ્રિય આનંદરસનો સાગર છે. તેના સ્પર્શથી જે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ પ્રગટે તે આત્માને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. તેનાથી વિરૂદ્ધ જે વિકલ્પ છે તે ખરેખર અમૃતથી વિરૂદ્ધ ભાવ છે. આત્મા તો એકલો અતીન્દ્રિય અમૃતાનંદનો કુંડ છે. અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ સ્વરૂપ આત્મામાંથી પ્રગટેલી શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ જ આત્માને મુક્તિની આપનારી

છે, તેની સાથે જે શુભરાગ છે તેના ફળમાં ઇન્દ્ર, ચક્રવર્તી આદિની પદવી મળે છે; જ્યારે અતીન્દ્રિય આત્માના શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ વિનાના એકલા શુભભાવ ભોગભૂમિના સુખ આપે છે.

ભાઈ! તારે હવે સ્વતંત્ર થવું હોય તો સ્વતંત્રતાપ્રાપ્તિનો માર્ગ આ એક જ છે. આત્મા સ્વયં આનંદસ્વરૂપ છે તેથી આનંદનું કારણ પણ આત્મા પોતે જ છે. અનંતગુણની વિભૂતિ પ્રભુ આત્મા જ છે પણ એને સ્વતંત્રતાથી સુખી થવાનો ઢંઢોરો વાગે છે એ ન ગોઠે અને દુઃખી થાય તો તેને દુઃખથી કોણ છોડાવે? સ્વતંત્ર સુખસ્વભાવી આત્માને દૃષ્ટિમાં લીધા વિના ત્રણકાળમાં શાંતિનો બીજો ઉપાય નથી. લાખ વાતની આ એક વાત છે.

પ્રથમ અવસ્થા એટલે ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનની અવસ્થામાં વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રની પૂર્ણતા ન હોવાથી સવિકલ્પદશામાં ચાર પ્રકારના દાન, તપ, ભક્તિ આદિના ભાવ આવે છે-હોય છે-થાય છે. તે સંયોગીભાવ હોવાથી તેના ફળમાં દેવેન્દ્ર, ચક્રવર્તી આદિની વિભૂતિનો સંયોગ મળે છે પણ ધર્મીને તેની મીઠાશ હોતી નથી. જેને આવી વિભૂતિની મીઠાશ છે તેને તો મિથ્યાદૃષ્ટિપણું છે, તેને તો આવા શુભવિકલ્પ પણ ન હોય અને આવા ફળ પણ મળતાં નથી.

કોઈને રુચે કે ન રુચે પણ વાત એમ છે કે જેને દેવેન્દ્ર, ચક્રવર્તી આદિની ઋદ્ધિ સાંભળીને અંદરમાં રસ આવે છે તેને સમ્યગ્દર્શન જ નથી. અનાકુળ આનંદનો અનાદર કરીને ઉત્પન્ન થયેલાં રાગનું જે ફળ છે તેનો જેને આદર આવે છે તે તો વેરીને વળાવવા જવા જેવું છે. બાપના માથા કાપનારને વળાવવા જનાર શું ફરીને માથા કપાવવા માટે તેને વળાવવા જાય છે!

અહીં તો કહે છે કે સાંભળ બાપા! અનંતકાળના દુકાળ ટાળવા હોય તો આ માર્ગ છે. તારી પર્યાયમાં દુકાળ પડ્યાં છે ભાઈ! તારા સ્વકાળના ઝાડ સૂકાઈ ગયા છે. શુભભાવ અને તેના ફળની મીઠાશમાં તારા સ્વભાવના રસ પર્યાયમાં સૂકાઈ ગયા છે. અનંતકાળથી આવી દશા છે તેને તીર્થંકરો પણ અટકાવી શક્યાં નથી. ચિદાનંદપ્રભુની મહિમા નહિ અને રાગની મહિમા આવે તેને ઇન્દ્ર-ચક્રવર્તીના વૈભવના ફળ મળતાં નથી. સમકિત સહિતના શુભરાગના ફળમાં આવા વૈભવ મળે છે. મિથ્યાદૃષ્ટિના પુણ્ય કરતાં સમ્યક્ત્વ સહિતના પુણ્ય વિશેષ પ્રકારના હોય છે માટે તેના ફળ પણ વિશેષ હોય છે એ બતાવવા અહીં ઇન્દ્ર-ચક્રવર્તીના ફળની વાત કરી છે. બાકી, ધર્મીને તો

એ પુણ્ય જે ભાવથી બંધાય એ ભાવનો જ આદર નથી ત્યાં તેના ફળનો આદર તો ક્યાંથી હોય! તેને તો જેટલો વિકલ્પ છે તેને પણ તોડીને તદ્દન નિર્વિકલ્પદશા પ્રગટ કરવાની ભાવના છે.

આમાં ત્રણ વાત થઈ. કઈ ત્રણ? ૧. સત્દૃષ્ટિ વિના મિથ્યાદૃષ્ટિ આહાર આદિ ચાર પ્રકારના દાન આપે તેના ફળમાં ભોગભૂમિમાં જુગલિયા મનુષ્ય થાય. ૨. સત્દૃષ્ટિ-અંતરદૃષ્ટિ અને જ્ઞાનથી સહિત હોય પણ પૂર્ણ વીતરાગદશા નથી ત્યાં સુધી જ્ઞાનીને શુભરાગ આવ્યા વગર રહેતો નથી; વીતરાગદેવ પ્રત્યે બહુમાન, ભક્તિ, દાન આદિ શુભરાગના ફળમાં જ્ઞાનીને ઈન્દ્ર-ચક્રવર્તીની પદવી પ્રાપ્ત થાય છે. ૩. જેટલો રાગ બાકી હતો તે પણ ટાળીને નિર્વિકલ્પ થઈ જાય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયની પૂર્ણતા થઈ જાય—તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આમ આ ત્રણ વાત છે.

બહારથી જ્ઞાની અને અજ્ઞાનીમાં કાંઈ ભેદ દેખતો નથી પણ અંતરમાં મોટો ભેદ છે તે અંતરદૃષ્ટિથી જુએ તેને દેખાય. જ્ઞાની ઈન્દ્ર કે ચક્રવર્તીપદે બેઠા હોય પણ તેને પોતાને જ તેના પદની મહિમા નથી. દેવો કહે છે કે ધન્ય ઈન્દ્ર મહારાજ! તમે ક્યા પુણ્ય કરીને અહીં પધાર્યા! અસંખ્યદેવોના સ્વામી થયા! એમ દેવો મહિમા કરે છે પણ ઈન્દ્ર અંદર સમજે છે કે આ પુણ્ય કે પુણ્યના ફળ અમારા નથી, અમે તેમાં સુખ માનતાં નથી. જ્ઞાની અને અજ્ઞાનીના ભાવના આ અંતર બહારથી જોવાથી ન દેખાય. અંતરદૃષ્ટિથી જ દેખાય.

જ્ઞાનીને રાગના ફળમાં વિભૂતિ મળે છે પણ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી તો મોક્ષ જ મળે છે. તો પ્રભાકરભટ્ટ શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ભગવન્! જો જ્ઞાનમાત્રથી જ મોક્ષ થાય છે તો સાંખ્ય આદિક પણ એમ જ કહે છે કે જ્ઞાનથી જ મોક્ષ છે, તો તેને કેમ દૂષણ આપો છો?

ત્યારે શ્રીગુરુ એ કહ્યું કે આ જિનશાસનમાં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવ્યું છે, તો વીતરાગ કહેવાથી વીતરાગચારિત્ર પણ આવી જાય છે અને સમ્યક્ પદના કહેવાથી સમ્યક્ત્વ પણ આવી જાય છે. વીતરાગ સમ્યગ્જ્ઞાનમાં આ રીતે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય આવી જાય છે. ત્રણેયની એકતા તે મોક્ષનું ફળ આપે છે. સાંખ્યમતાદિમાં એકલાં જ્ઞાનની જ વાત છે માટે તે યથાર્થ નથી. એકલા જાણપણાથી મોક્ષ થતો નથી. જાણપણું સમ્યક્ અને વીતરાગ થાય ત્યારે તેને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન કહેવાય છે, તેનાથી મોક્ષ થાય છે.

આવું વીતરાગ સમ્યગ્જ્ઞાન જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી વિકલ્પમાં સાચા

દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન, નવ તત્ત્વનું શ્રદ્ધાન આદિ હોય એ જ તેની ભૂમિકાને અનુકૂળ છે. નિશ્ચય તરીકે આત્માની દશા અનુકૂળ છે અને વ્યવહાર તરીકે સાચા સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ, સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રો અને તેમાં કહેલાં સાત તત્ત્વાદિનું શ્રદ્ધાન તેને અનુકૂળ છે. એ વ્યવહારના ફળમાં બહારની અનુકૂળતા મળે છે પણ એ અનુકૂળતા ધર્મીને ગોઠતી નથી. અરે ! પરાધીનપણું એને કેમ ગોઠે !

રાગના ફળની આશા રાખવી એ તો પરાધીનતા છે. અજ્ઞાનીને સ્વાધીનતાની વાત રુચતી નથી, બંધની વાત ગોઠે પણ બંધમાંથી છૂટવાની વાત ગોઠતી નથી.

આત્મા તેને કહીએ કે જે અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય દર્શન અને અતીન્દ્રિય આનંદનો કંદ છે. અરે ! સરોવર છે. એવા સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનું જ્ઞાન અને સ્વભાવમાં સ્થિરતારૂપ રત્નત્રયની એકતા ન થાય ત્યાં સુધી ખેદ છે કે વ્યવહાર વચમાં આવે છે. એ ખેદને હોંશમાં ખતવી નાંખે તેને વસ્તુની ખબર નથી એમ પરમાત્મા પોકારે છે. આવા પરમાત્મા જ તેને અનુકૂળ નિમિત્ત છે. નિર્ગ્રંથગુરુ જ તેને અનુકૂળ નિમિત્ત છે.

ભાઈ ! સ્વભાવના માહાત્મ્ય કરજે, બીજાના માહાત્મ્ય કરીશ નહિ, બીજાની મહિમા કરીશ તો રખડવું મટશે નહિ.

વીતરાગતા અને સમ્યક્તા સહિતનું જ્ઞાન એ જ જ્ઞાન છે, એકલું શાસ્ત્રનું ભણતર તે જ્ઞાન નથી. અખંડાનંદસ્વરૂપ આત્માના જ્ઞાન, શ્રદ્ધા અને તેની સ્થિરતામાં વીતરાગતા અને સમ્યક્તા સહિત જ જ્ઞાન થાય છે, સાથે જેટલો વિકલ્પ વચ્ચે આવે છે તે રાગ છે. સમ્યગ્દૃષ્ટિને પણ રાગ છે અને તેના ફળમાં અનુકૂળ સંયોગો મળે છે તે પણ જુદી જાતના હોય છે. મિથ્યાદૃષ્ટિને રાગના ફળમાં એવા સંયોગ મળતાં નથી. સમ્યગ્દૃષ્ટિને તે રાગ કે રાગના ફળની મહિમા નથી તેથી એટલા રાગનો પણ અભાવ કરીને વીતરાગ થાય છે ત્યારે મુક્તિ થાય છે.

કોઈ એમ કહે કે ક્રિયા કરતાં કરતાં મોક્ષ થશે તો એનો મોક્ષ નહિ થાય. રાગનું ફળ તો સંસાર જ છે તે ભલે શુભરાગ હો પણ તેનું ફળ સંસાર છે. સાંખ્યમત આદિ મતમાં રાગનો અભાવ પણ નથી અને આખી વસ્તુની પ્રતીતિ પણ નથી તેથી સાચી શ્રદ્ધા અને ચારિત્ર વિનાનું જ્ઞાન પણ મિથ્યા હોવાથી તેનાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. માટે તેને દૂષણ દઈએ છીએ. અખંડ પૂર્ણ વસ્તુની સમ્યક્ પ્રતીતિ નથી અને અરાગતા–વીતરાગતા નથી તો રાગવાળું અને સાચી પ્રતીતિ વિનાનું જ્ઞાન મોક્ષનું કારણ હોઈ શકે જ નહિ.

અન્યમતના કરોડોના મંદિર ભલે હોય પણ સત્ વસ્તુ શું છે તેના સત્ય જ્ઞાન વિના માર્ગ શું? સત્ય એટલે શું? આખા જગતને એક સત્ તરીકે સ્વીકારે તે સત્ય નથી અને એક પર્યાયમાત્રને સત્ તરીકે સ્વીકારે એ પણ સત્ય નથી. સત્નું સ્વરૂપ અનંતગુણાત્મક એક વસ્તુરૂપ છે. અનંતગુણના પિંડ ભગવાન આત્માની સન્મુખ થઈને તેની પ્રતીતિ, એવું જ જ્ઞાન અને તેનાથી અન્ય પ્રત્યે વીતરાગતાવાળું જ્ઞાન તે સાચો મોક્ષનો માર્ગ છે. અન્યમતમાં આવું જ્ઞાન નથી. વાતો ભલે નિર્વિકલ્પતાની અને અનુભવની કરે પણ વસ્તુની સાચી ઓળખાણ નથી.

સંપ્રદાયનું તારે શું કામ છે બાપા! કોઈ સંપ્રદાય તને તારી દે એવો નથી.

જેમ એક ચૂર્ણમાં અથવા પાકમાં અનેક ઔષધિઓ આવી જાય છે પરંતુ વસ્તુ એક જ કહેવાય છે તેમ 'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન' કહેવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણેય આવી જાય છે. સાંખ્ય આદિ મતમાં વીતરાગ વિશેષણ નથી અને સમ્યક્ વિશેષણ નથી. કેવળ જ્ઞાનમાત્ર જ કહે છે માટે તે મિથ્યાજ્ઞાન છે, તેથી તે યથાર્થ નથી.

આગળ આ જ અર્થને દૃઢ કરતી ૭૩ મી ગાથા કહે છે.

देउ णिरंजणु इउँ भणइ णाणिं मुक्खु ण भंति ।
णाण-विहीणा जीवडा चिरु संसारु भमंति ।।७३।।

અર્થ:—અનંત જ્ઞાનાદિ ગુણ સહિત અને અઢાર દોષ રહિત જે સર્વજ્ઞ વીતરાગદેવ છે તેઓ એમ કહે છે કે વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનરુપ સમ્યગ્જ્ઞાનથી જ મોક્ષ છે તેમાં સંદેહ નથી અને સ્વસંવેદનજ્ઞાનથી રહિત જે જીવ છે તે ઘણાકાળ સુધી સંસારમાં ભટકે છે.

અહીં વાણીવાળા ભગવાન લીધા છે. સર્વજ્ઞ વીતરાગ ભગવાન એમ ફરમાવે છે કે જ્ઞાનથી જ મોક્ષ છે માટે બીજી ભ્રાંતિ છોડ. જ્ઞાન વિના કદી મોક્ષ નથી. ભગવાન કેવા છે?—કે જેને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય આ અનંત ચતુષ્ટય પ્રગટ થઈ ગયા છે અને અઢાર દોષ જે જન્મ-જરા, ક્ષુધા-તૃષા, રોગાદિ દોષ તે ટળી ગયા છે એટલે કે જેઓ અનંત ગુણથી સહિત થયા છે અને અનંત દોષથી રહિત થયા છે એવા નિરંજનદેવે આ કહ્યું છે.

ભગવાનને 'દેવ' કહ્યું છે કેમ કે ભગવાનને એવી દિવ્યશક્તિ પ્રગટ થઈ છે કે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણે છે. શરીરમાં રહ્યાં છે, વાણી છે

પણ અનંત જ્ઞાનાદિ ગુણથી સહિત છે અને રોગ-શોકાદિ દોષથી રહિત છે એવા નિરંજનદેવ આ 'જ્ઞાનને' જ મોક્ષનો માર્ગ બતાવે છે. 'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનથી જ મોક્ષ છે.' તેમાં સંદેહ ન કર! સમ્યગ્દર્શન સહિત અને રાગથી રહિત એવું જે 'સ્વસંવેદનજ્ઞાન' તે મોક્ષનું કારણ છે એમ ભગવાન ફરમાવે છે માટે તેમાં ભ્રાંતિ કરીશ નહિ.

આ પરમાત્મપ્રકાશ તો આત્માને રુચે તેવું છે. અનાત્મા કે જે રાગ-દ્વેષની પ્રીતિવાળા છે તેને રુચે તેવું નથી. બહું ટૂંકો અને ઘણો મહત્વશાળી શબ્દ અહીં આપ્યો છે કે વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી જ મોક્ષ છે એમ સર્વજ્ઞદેવે કહ્યું છે. ભાઈ! તારા અવલંબનથી જ તને મોક્ષ થાય, બીજાના અવલંબનની જરૂર નથી. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન એટલે 'તારા અવલંબનવાળું જ્ઞાન' એ જ તારી મુક્તિને આપનાર છે. આચાર્યદેવે પરમેશ્વરને વચ્ચે લાવીને દૃઢતા બતાવી છે અને અમે છદ્મસ્થ છીએ માટે કાંઈ બીજું કહીએ છીએ એમ નથી. ભગવાન પણ આમ જ કહે છે. જે અનંત ગુણના ઈશ્વર થઈ ગયા છે અને દોષનો એક કણ પણ જેને રહ્યો નથી એવા સર્વજ્ઞદેવ આમ કહી ગયા છે.

ભગવાન આચાર્યદેવ! તમે તો પાંચમા આરામાં થયા છો તો પણ દેવની કહેલી વાતનું જોર ક્યાંથી લઈ આવ્યા?—અરે! આત્માને આરા કેવા! ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વરદેવ જેની વ્યવહારશ્રદ્ધાના વિકલ્પમાં વર્તે છે એવા જીવને કહે છે કે, તારાં આત્માના અવલંબને જ તારો મોક્ષ છે. અમારી શ્રદ્ધાનો વિકલ્પ તને હો ભલે તેનાથી મોક્ષ થતો નથી. પણ પ્રભુ! તમને માને તેનો મોક્ષ થાય એમ તો કહો!!—ના..ના... આત્માને માને, આત્માને જાણે અને તેમાં ઠરે તેનો જ મોક્ષ થાય એમ અમે કહીએ છીએ અને એમ જ પરમાત્મા કહે છે. ભગવાનની વાણી સાંભળવાથી કે તેમની શ્રદ્ધાથી મોક્ષ થાય એ વાત જ લીધી નથી.

પોતાના જ્ઞાનથી જ મોક્ષ છે અને બીજી રીતે નથી આવા અનેકાંત સિવાય બીજી રીતે અનેકાંત માનનારના સરવાળા ખોટાં છે. જેના સરવાળા ખોટાં તેની શરૂઆત પણ ખોટી જ હોય તો જ સરવાળો ખોટો આવે ને! આકડાં ખોટાં હોય તેના જ સરવાળા ખોટા આવે.

દોષ રહિત નિર્દોષ પરમાત્મા થઈ ગયા એ એમ કહે છે કે તારા જ્ઞાનમાં પરની અપેક્ષા નથી, તારી શ્રદ્ધામાં પરની અપેક્ષા નથી, તારી વીતરાગતામાં પરની અપેક્ષા નથી. સ્વની શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતાથી જ મોક્ષ છે. એ સિવાય બીજી વાતને

અંતરમાં બેસવા દઈશ નહિ, ભ્રાંતિ કરીશ નહિ, શંકા થવા દઈશ નહિ. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન વિના જીવ ઘણા કાળ સુધી સંસારમાં ભટકે છે.

આવા વીતરાગ સ્વસંવેદનજ્ઞાન સાથે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતાદિ ચારિત્ર ભલે હો પણ સ્વસંવેદનજ્ઞાન વિના એકલા વ્યવહારથી મોક્ષ થવાનો નથી. એ બધાં ખુલાસા આગળ આવશે. સ્વસેવંદનજ્ઞાનવાળો જીવ મુકાશે—મુક્ત થશે અને તેના વિનાનો જીવ અનંતકાળ ભટકશે એમાં શંકા નથી.

દિગંબર સંતોની શૈલી જ એવી છે કે એક એક શબ્દમાં અનેક આગમો ભર્યાં હોય છે. સંતોના એક એક અક્ષરનો વિસ્તાર કરવા જાવ તો તેમાંથી ઘણા પ્રકાર નીકળે છે. નિશ્ચય વિના એકલા રાગની મંદતારૂપ વ્યવહાર કોઈ વસ્તુ નથી, મોક્ષને માટે તે કોઈ વસ્તુ નથી—કારણ નથી. વ્યવહારનયથી શાસ્ત્રમાં પણ કથનો ઘણા આવે પણ માર્ગ બે થઈ જતાં નથી.

ભાવાર્થ :—અહીં વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમાં જોકે સમ્યક્ત્વાદિ ત્રણેય છે તો પણ મુખ્યતા સમ્યગ્જ્ઞાનની જ છે. 'જ્ઞાન' કહેતાં પૂર્ણ આત્મદ્રવ્યની પ્રતીતિ સાથે જ આવી જાય કેમ કે પ્રતીતિ વિના જ્ઞાન કોનું ? પરમાત્મસ્વરૂપના દર્શન વિના-પ્રતીતિ વિના જ્ઞાન સમ્યક્ હોઈ શકતું નથી અને અનાદિથી પર તરફના રાગમાં ઊભો હતો તે ત્યાંથી પાછો ફર્યા વિના સ્વભાવમાં સ્થિર ક્યાંથી થાય ! માટે, પૂર્ણ અસ્તિની પ્રતીતિ અને રાગના અભાવરૂપ સ્થિરતા સહિતનું જ્ઞાન તે જ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન છે. માટે વચલું કહેતાં આગલું પાછલું બંને સાથે જ સમજી લેવું. જ્ઞાનમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી જતાં હોવા છતાં અહીં જ્ઞાનની મુખ્યતાથી વાત છે કેમ કે જિનવચનમાં એવું કથન છે કે જેનું કથન કરવામાં આવે તે મુખ્ય હોય છે અને બીજા ગૌણ હોય છે.

કથનની પદ્ધતિમાં મુખ્ય-ગૌણ હોય છે પણ ભાવમાં ત્રણેય સાથે હોય છે. સમ્યગ્દર્શનથી મુક્તિ કહી હોય ત્યાં જ્ઞાન અને ચારિત્ર સાથે આવી જાય છે. કથનમાં સમ્યગ્દર્શનની મુખ્યતાથી કથન હોય છે. 'ચારિત્ર તે એક જ મુક્તિનું કારણ છે' એમ કહ્યું હોય ત્યાં કથનમાં ચારિત્ર મુખ્ય છે પણ ભાવમાં દર્શન અને જ્ઞાન સહિત જ ચારિત્ર હોય છે.

લોકોને એમ લાગે કે જે દેખાય છે એવા પર્યાયની વાત નથી કરતાં. પણ ભાઈ ! નથી દેખાતું એવું કાંઈ છે જ નહીં. પર્યાયની અસ્તિ તને દેખાય છે એ અસ્તિ પોતાના દેખનારને દેખાડે છે. પર્યાયનું અસ્તિત્વ પોતાના આખા અસ્તિત્વને બતાવે છે.

'જ્ઞાન'થી કથન કર્યું છે ત્યાં દર્શન અને ચારિત્ર કથનમાં ગૌણ છે પણ પરિણમનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય સાથે જ છે એમ જાણવું.

હવે આગળ ફરી આ જ કથનને 'દ્રષ્ટાંત-સિદ્ધાંત' દ્વારા નિશ્ચિત કરે છે.

णाण-विहिणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ ।
बहुएँ सलिल-विरोलियइँ करु चोप्पडउ ण होइ ।।૭૪।।

જેમ પાણીને બહુ વલોવવા છતાં હાથ ચીકણો થતો નથી તેમ નિશ્ચય વિનાના એકલા વ્યવહારની આરાધનાથી મોક્ષ નહિ થાય એમ અહીં કહેશે. પાણી વલોવવાથી ઘી ન નીકળે તો હાથ ચીકણો ક્યાંથી થાય? તેમ સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એકલા વ્યવહારના વિકલ્પોથી મોક્ષ ક્યાંથી થાય ? (ક્રમશઃ)

* * *

## * પુણ્ય-પાપના ભાવનો સ્વામી પુદ્ગલ છે *

ભાઈ ! તારે પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્ગલ છે અને પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય–પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય–પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું—એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય–પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

*

જ્ઞાનીઓએ ખુલ્લુ કરેલું

# શરીર સંસાર આદિનું નગ્ન-સ્વરૂપ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૯૮)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે, તેમાં બંધ અધિકારમાં શરીરની વ્યાખ્યા ચાલે છે કે શરીર તદ્દન જુદી ચીજ હોવા છતાં અનાદિથી અજ્ઞાનીને તેનો પ્રેમ છે, તેથી તેને મિથ્યાત્વનો બંધ પડે છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર છે અને આ શરીર તો જડ-માટીનો પિંડ છે, તેથી અહીં તેના અવગુણ ગાય છે. શરીરની એકતાબુદ્ધિ એ મિથ્યાત્વ છે—સંસાર છે તેથી શરીરનું સ્વરૂપ બતાવે છે.

रेतकी सी गढ़ी किधौं मढी है मसानकीसी,
अंदर अंधेरी जैसी कंदरा है सैलकी ।
उपरकी चमक दमक पट भूषनकी,
धोखै लागे भली जैसी कली है कनैलकी ॥
औगुनकी औंडी महा भौंडी मोहकी कनौडी,
मायाकी मसूरति है मूरति है मैलकि ।
एसी देह याहीके सनेह याकी संगतिसौं,
हवे रही हमारी मति कोल्हूकेसे बैलकी ॥४०॥

અર્થ :—આ દેહ, રેતીના ગઢ સમાન અથવા સ્મશાનની દેરી સમાન છે અને અંદર પર્વતની ગુફા સમાન અંધકારમય છે. ઉપરના ઠાઠમાઠ અને વસ્ત્રાભૂષણોથી સારો દેખાય છે પરંતુ કનૈરની કળી સમાન દુર્ગંધવાળો છે, અવગુણોથી ભરેલો, અત્યંત ખરાબ અને કાણી આંખ સમાન નકામો છે, માયાનો સમૂહ અને મેલની મૂર્તિ જ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી થઈ ગઈ છે જેથી સંસારમાં સદા ભ્રમણ કરવું પડે છે.

રાજસ્થાનમાં પવનના ઝપાટાથી ખાડો હોય ત્યાં રેતીનો ઢગલો થઈ જાય અને ઢગલો હોય ત્યાં ખાડો થઈ જાય, એવા ઘણા રેતીના ઢગલા જોયાં હતાં. તેમ આ શરીર છે તે રેતીના ઢગલા જેવું છે. રેતીનો કિલ્લો બાંધ્યો હોય તો તેને ભરભર ભૂકો થતાં વાર ન લાગે. તેમ આ શરીર ક્ષણમાં નાશવાન છે.

સમકિતી શરીરની સંભાળ આદિ બધું કરે છે પણ તેને શરીરના આવા સ્વરૂપનું જ્ઞાન છે તેથી શરીરમાં એકતાબુદ્ધિ નથી. માટે, પ્રથમ વસ્તુસ્થિતિ નક્કી કરવી જોઈએ. સમકિતી ચક્રવર્તીનો ખોરાક એવો હોય કે તેનો એક કોળિયો ૯૬ કરોડ પાયદાળને આપો તો તે પચાવી ન શકે, એટલી તો અંદર કરોડો રૂપિયાની ભસ્મ નાંખેલી હોય. પુણ્યયોગે એવા ખોરાક આદિનો યોગ હોય છે પણ ધર્મીને તેની રુચિ હોતી નથી, સુખબુદ્ધિ હોતી નથી. ખોરાક લેવાનો વિકલ્પ આવે છે તેને પણ જાણે છે કે આ દુઃખદાયક છે પણ સમાધાન થતું નથી એટલે આહાર લે છે. ખરેખર તો ધર્મી આહાર અને વિકલ્પથી રહિત છે. લોકોને આ વાત સમજાતી નથી અને બાહ્યત્યાગની મહિમા છે તેથી તેમાં રોકાઈ જાય છે.

પ્રભુ ! તું શાશ્વત જ્ઞાનાનંદનો પુંજ છો. શરીર તો રેતીનો ઢગલો છે. બંને ચીજ નિરાળી છે. સ્મશાનમાં મડદાને બાળવા ઓરડી બનાવે છે તેવી આ શરીરરૂપી મઢી છે. અંધારી ગુફા હોય તેના જેવું આ શરીર છે પણ એ અંધારાને જાણનારો આત્મા ચૈતન્યપ્રકાશથી શોભાયમાન છે. જેની સત્તામાં અંધારું જણાય છે તે પોતે અંધારારૂપ નથી પણ એણે કદી વિચાર જ કર્યો નથી. શરીર, સ્ત્રી, પુત્ર, પરિવારનો જ વિચાર છે અને કમાણી કરતાં આવડે એટલે તેમાં ઊંડો ઊતરી જાય છે.

...પણ તું કોણ છો ભાઈ ! તારી હયાતિ વિના આ શરીરાદિની હયાતિને જાણે કોણ ! જાણનાર ચૈતન્ય ભગવાન પોતે છે. એ જાણે છે કે આ શરીર છે.

શરીર તો ઉપરની ચામડીને કારણે ચમક-દમકવાળું દેખાય છે, જો એ ચામડીની શેરડીની છાલ જેટલી છાલ ઉતારો તો જોઈ તો ન શકે પણ થૂંકવા પણ ઉભો ન રહે એવું સ્વરૂપ છે. જ્યારે અંદરમાં જે આત્મા છે તેનું સ્વરૂપ એવું છે કે તેમાં જરા એકાગ્રતા કરો તો અમૃતનો અનુભવ થાય કેમ કે આત્મા અમૃતનો સાગર છે. શરીરની ચામડી ઉતારો તો માંસ દેખાય અને આત્મામાં એકાગ્ર થાય તો આનંદ આવે. આમ, શરીર અને આત્મા તદ્દન નિરાળી બે ચીજ છે.

શરીર ઉપર કપડાંનો ઠાઠમાઠ એવો હોય કે બહુ સુંદર દેખાય પણ અંદરમાં હાડકાં, માંસ, પેસાબ અને વીર્ય આદિ અશુચિ વસ્તુ જ ભરી છે. કનૈરની કળી એવી થતી હશે કે બહારથી સારી લાગે અને અંદરમાં દુર્ગંધ ભરી હોય એવું આ શરીર કનૈરની કળી જેવું દુર્ગંધમય છે. તેને સારું માનવામાં ધોખો છે. औगुनकी औंडी એટલે ઊંડા ગુમડા જેવું આ શરીર છે. અવગુણના ઊંડા ગુમડાંને તુ તારું માનીને ચૈતન્યને ભૂલી ગયો છો. શરીર અત્યંત ખરાબ છે પણ જેમ કાણી આંખથી દેખાય નહિ તેમ

મોહના કારણે તને એ ખરાબ દેખાતું નથી. શરીર તો આંધળુ છે તે કાંઈ દેખતું નથી. માયાનો એ સમૂહ છે, મેલની મૂર્તિ છે, જ્યારે આત્મા નિર્મળાનંદની મૂર્તિ છે.

एसी देह याहीके सनेह याकी संगतिसैं, આવા આ દેહના પ્રેમથી અને તેની જ સંગતિથી અજ્ઞાનીની બુદ્ધિ ઘાણીના બળદ જેવી થઈ ગઈ છે. ત્યાં ને ત્યાં એની બુદ્ધિ ફર્યા કરે છે તેથી સંસારમાં ભ્રમણ કરવું પડે છે.

હવે ૪૧મા પદ્યમાં પણ શરીરની જ અવસ્થા વિશેષ કહે છે.

ठौर ठौर रकतके कुंड केसनिके झुंड,
हाड़निसौं भरी जैसें थरी है चुरैलकी ।
नैकुसे धकाके लगै ऐसै कटि जाय मानौ,
कागदकी पूरी किधौंश चादरि है चैलकी ॥
सूचै भ्रम वांनि ठानि मूढ़निसौं पहचांनि,
करै सुख हानि अरु खांनि बदफैलकी ।
एसी देह याहीके सनेह याकी संगतिसौं,
ह्वै रही हमरी मति कोल्हूकेसे वैलकी ॥४२॥

અર્થ :—આ દેહમાં ઠેકઠેકાણે લોહીના કુંડ અને વાળના ઝુંડ છે, એ હાડકાઓથી ભરેલો છે જાણે ચૂડેલોનું નિવાસસ્થાન જ છે. જરાક ધક્કો લાગતાં એવી રીતે ફાટી જાય છે જાણે કાગળનું પડીકું! પણ મુર્ખાઓ તેના પ્રત્યે સ્નેહ કરે છે. એ સુખનો ઘાતક અને બુરાઈઓની ખાણ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી સંસારમાં ભટકનાર થઈ ગઈ છે.

ઠૌર ઠૌર.....શરીરમાં લોહીના કુંડ જ ઠેકઠેકાણે ભરેલા છે. જ્યા જ્યા સોય મારો ત્યાંથી લોહી નીકળે છે. નદીમાં પાણી ચાલ્યું જતું હોય ત્યાં જ્યાં ખોદો ત્યાં પાણીનો વિરડો નીકળે તેમ શરીરમાં જ્યાં ખોદો ત્યાં લોહી નીકળે. અંદર જે ભર્યું હોય તે જ નીકળે ને !

ચેલણા રાણીને ગર્ભમાં કુણિક રહ્યો હતો ત્યારે દોહ્યલો થયો હતો કે 'શ્રેણિકનું લોહી પીઉં' એ વાત બેસતી નથી. કેમ કે ચેલણા તો પહેલેથી સમકિતી હતાં. ચેલણાએ જ શ્રેણિકને જૈનધર્મ પમાડ્યો હતો.

શરીરમાં જ્યાંત્યાંથી વાળના ઝુંડ નીકળે છે અને અંદર તો હાડકાનું જ માળખું છે જાણે ચુડેલને રહેવાનું સ્થાન કેમ હોય ! બનારસીદાસે શરીરનું સ્વરૂપ ખુલ્લું કર્યું છે ! આ શરીરના પ્રેમમાં જીવ પોતાને ભૂલી ગયો છે. શરીરને જરા ધક્કો વાગે ત્યાં

પડી જાય અને કાગળના પડીકાની જેમ ફાટી જાય છે. જૂના કપડાંને જરા ખેંચીએ ત્યાં ફાટી જાય તેમ શરીરમાં જરા ફેરફાર થાય ત્યાં રોગાદિ થઈ જાય છે. બ્લડપ્રેશર વધી જાય, ગુમડા નીકળે, ડાયાબીટીઝ થઈ જાય, હાડકાં સડી જાય, કેન્સર થાય એવા તો કંઈક રોગ થાય અને ઘડીકમાં દગો દઈ દે.

કાગળનું વહાણ બનાવીને પાણીમાં મૂકો તો તરવાને બદલે તરત ડૂબી જશે - પલળી જશે. તેમ સુંદર દેખાતાં શરીર પાસે કાંઈ આશા રાખવી નકામી છે, કારણ કે તેનો સ્વભાવ અસ્થિર છે. ક્ષણમાં શરીરમાં ફેરફાર થઈ જાય છે છતાં મૂઢ જીવો શરીર ઉપર પ્રેમ કરે છે. મૂર્ખ લોકો જ ભગવાનને ભૂલીને શરીરનો પ્રેમ કરે છે.

करै सुख हानि—જેટલી શરીરની દરકાર કરે છે તેટલી જીવને સુખની હાનિ થાય છે. बदफैल એટલે બુરાઈની તો એ ખાણ છે, તેમાંથી સુખ ક્યાંથી મળે ! છતાં શરીર ઉપર પ્રેમ કરવાથી અને પરિચય કર્યા કરવાથી અજ્ઞાનીની મતિ ઘાણીના બળદ જેવી થઈ રહી છે. તે સમજાવવા માટે ૪૨ મા પદ્યમાં દ્રષ્ટાંત આપે છે.

સંસારી જીવોની દશા ઘાણીના બળદ જેવી છે.

पाटी बांधी लोचनिसौं सकुचै दबोचनिसौं,
कोचनिके सोयसौं न वेदै खेर तनकौ ।
धायबो ही धंधा अरु कंखामांहि लग्यौ जोत,
बार बार आर सहै कायर है मनकौ ।।
भूख सहै प्यास सहै दुर्जनको त्रास सहै,
थिरता न गहै न उसास लहै छनकौ ।
पराधीन घूमै जैसौ कोल्हुकौ कमेरौ बैल,
तैसोई स्वभाव या जगतवासी जनकौ ।।४२।।

अर्थ :—સંસારીજીવોની દશા ઘાણીના બળદ જેવી જ થઈ રહી છે. તે આ રીતે છે—નેત્રો ઉપર પાટો બાંધેલો છે, જગ્યા સાંકડી હોવાથી દબાઈ-સંકડાઈને રહે છે, ચાબુકના મારની બીકથી શરીરના કષ્ટની જરા પણ દરકાર કરતો નથી. દોડવું એ જ તેનું કામ છે. તેના ગળા ઉપર જોતરું લાગેલું છે (જેથી નીકળી શકતો નથી). દરેક પળે આરનો માર સહન કરતો મનમાં નાહિંમત થઈ ગયો છે. ક્ષણમાત્ર પણ ઊભો રહ્યા વિના ચક્કર ચક્કર ફરે છે.

અહા ! જુઓ તો અજ્ઞાનીની દશા કેવી કહી છે ! પેલા બળદને જેમ આંખે પટ્ટી બાંધી છે તેથી કાંઈ સૂઝ પડતી નથી, તેમ અજ્ઞાનીને અજ્ઞાનની પટ્ટી બાંધેલી

છે તેથી હું કોણ છું, શરીર અને રાગાદિ શું છે તેની કાંઈ ખબર પડતી નથી. જેમ બળદને સાંકડી-મર્યાદિત જગ્યામાં જ રહેવું પડે છે, શરીરને કષ્ટ પડે તે સહન કરવું પડે છે, તેમ અજ્ઞાનીને પણ પોતાને સંયોગમાં મળેલ મર્યાદિત ક્ષેત્રમાં - ઘરમાં રહેવું પડે છે. તેમાં તેને એટલી મમતા થઈ જાય છે કે કારણવશ ઘર વેચવું પડ્યું હોય અને પછી પોતાની પાસે પૈસા થઈ જાય તો એ ઘર ફરી પોતાનું કરી લેવા માગે છે. અમારું આ જન્મસ્થાન છે, અમે અહીં મોટા થયાં છીએ... અરે ! પણ એ ઈંટ-માટીનું મકાન તારું હતું જ નહિ અને તારું થવાનું નથી.

ઘાણીના બળદને જેમ ઘાંચી દ્વારા મળતાં કષ્ટ સહન કરવા પડે છે, તેમ અજ્ઞાનીને પણ સ્ત્રી, પુત્રાદિ દ્વારા મળતાં કષ્ટ-દુર્વચન આદિ સહન કરવા પડે છે. બહારમાં ભલે પોતે ખમા ખમા થતો હોય પણ ઘરમાં સ્ત્રી તેને અક્કલ વગરનો કહે તોપણ સહન કરવું પડે છે. બળદને ચાબુકના માર પડે છે જ્યારે આને દુર્વચનના માર પડે છે. ઘાંચીના બળદ તો શું બીજા પશુઓને પણ માર મારી મારીને તેના માલિક કામ લેતાં હોય છે. એક જ્યોતિષ પોતાના બળદને મેલીવિદ્યા શિખડાવીને સોનગઢ લાવ્યો હતો. જે પ્રશ્નો પૂછીએ તે પ્રમાણે તે બળદ માણસ પાસે જઈને ઉભો રહેતો હતો. એ મેલીવિદ્યા પણ બળદને મારી મારીને શિખડાવી હોય. તે બધું મુંગા મોઢે સહન કરવું પડે છે, તેમ દરેક અજ્ઞાની મુંગા મોઢે અજ્ઞાનથી પોતાને થતું દુઃખ સહન કરે છે.

ઘાંચીના બળદને દોડવું એ જ એનું કામ છે, તેમ આ જીવ પણ ઘડીમાં મુંબઈ તો ઘડીમાં આફ્રિકા એમ અનેક જગ્યાએ દોડાદોડી કર્યા કરે છે. સ્ત્રી, પુત્ર, પરિવારની જાળ પાથરીને બેઠો છે, તેમાંથી નીકળવું એને કઠણ પડે છે. બધાંને રાજી રાખવા ખાતર પોતાને જે મુશ્કેલી પડે તે ભોગવી લે છે. મોહના કારણે જે કાંઈ માર પડે તે ભોગવે છે. શરીના પ્રેમથી શરીરના ઓળખનારાઓ સાથે તેને એવી લગની લાગી છે કે દુઃખને પણ પ્રેમથી બોલાવે છે.

બળદને માલિક લાકડીનો માર માર્યા કરતો હોય એટલે દોડ્યાં જ કરવું પડે. કામ છોડીને ક્યાંય જઈ ન શકે, તેમ અજ્ઞાની પણ દુઃખ પડતું હોવા છતાં એના એ ઘર અને સ્ત્રી, પુત્રાદિમાં ફર્યા જ કરે છે. એવો નાહિમત થઈ ગયો છે કે છુટવાનો ઉપાય કરી શકતો નથી. ભૂખ-તરસ ઉપરાંત દુષ્ટ-નિર્દય માલિકની લાકડી સહતો બળદ સવારથી સાંજ સુધી ગોળ ગોળ ફર્યા કરે છે, તેમ આ પણ સવારથી સાંજ સુધી ધંધા, વ્યવહાર આદિના કામ મજૂરની જેમ કર્યા જ કરે છે, એક ક્ષણ પણ વિસામો

લેવાની સ્થિરતા હોતી નથી.

શ્રોતા :—કામ ૪૮ કલાકના છે અને દિવસ ૨૪ કલાકનો છે. તેથી કરે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કામ એને છે જ નહિ. હું તો આત્મા છું, મારે કામ કેવા ! મારું કામ તો જાણવા-દેખવાનું છે, બીજા કામ હું કરતો નથી, એમ એણે સમજણ કરવી જોઈએ. તેને બદલે કર્તાબુદ્ધિના જોરમાં એને તત્ત્વનો નિર્ણય કરવાનો અવકાશ નથી. નવરો બેઠો હોય તોપણ કામના જ વિચાર કર્યા કરતો હોય.

पराधीन घूमै......कमैरो बैल એટલે ઘાણીમાં કામ કરનારો બળદ કમાઉં દીકરા જેવો કહેવાય છે, કેમ કે તે નિરંતર કામ જ કર્યા કરે છે. તેમ આને મરવાનો પણ વખત નથી એટલું કામ છે. એમાં ધર્મ ક્યાંથી કરીએ ! એવી મશ્કરી કરે ! પણ હું કોણ છું, ક્યાંથી આવ્યો, ક્યાં જઈશ તેનો વિચાર નથી. જગતવાસી જીવની આવી ઘાંચીના બળદ જેવી દશા છે.

ફૂટનોટમાં પણ આ પદ્યનો અર્થ કર્યો છે કે સંસારી જીવોની આંખો પર અજ્ઞાનની પટ્ટી બાંધેલી છે. તેઓ મર્યાદિત ક્ષેત્રથી આગળ જઈ શકતાં નથી, એ તેમને માટે દબાવનાર છે. સ્ત્રી આદિના તીખા વચન ચાબુક છે, વિષય-સામગ્રીને માટે ભટકવું તે તેમનો ધંધો છે. ગૃહસ્થપણું છોડીને નીકળી નથી શકતાં એ તેમના ઉપર જોતરું છે. કષાય, ચિંતા વગેરે આર છે. પરિગ્રહનો સંગ્રહ કરવા માટે ભૂખ-તરસ સહન કરે છે. શેઠ, રાજા વગેરેનો ત્રાસ સહન કરવો પડે છે. કર્મોની પરાધીનતા છે. ભ્રમણા કરતાં અનંતકાળ વીતી ગયો પણ એક ક્ષણ માટેય સાચું સુખ પ્રાપ્ત કર્યું નહિ.

જ્યાંથી આબરૂ મળે, પૈસા મળે, ખાવા-પીવાનું મળે ત્યાં આ જીવ ભટક્યાં કરે છે, ગૃહસ્થપણાને છોડી શકતો નથી. ક્રોધ-માન-માયા-લોભ-ચિંતા આદિ ભાવોં કરીને વેદ્યા કરે છે. દુકાનમાં ઘરાકી બહુ હોય તો જમવાનું પણ છોડીને વેપાર કર્યા કરે, પણ અજ્ઞાની એક સમયમાત્રનો પણ સમય આત્મા માટે લેતો નથી. આનંદસ્વરૂપ આત્મામાં દૃષ્ટિ આપવાથી આનંદ આવે તેમ છે પણ તેનો તેને અવકાશ મળતો નથી. બહારની આબરૂ, કીર્તિ, ધંધા આડે પોતાનું બધું ચૂકી જાય છે. અજ્ઞાનના કારણે ભ્રમણામાં અનંતકાળ વીતી ગયો પણ એણે સાચુ સુખ મેળવવા માટે કદી પ્રયત્ન જ કર્યો નથી.

તારી ચીજ કોણ છે તેને ઓળખ ભાઈ ! તારા મૂલ્ય ન થાય એવી તારી ચીજ છે, તેનું મૂલ્ય શી રીતે થાય !! મૂલ્ય ટાંકતાં પોતાને પસ્તાવો થઈ જાય તેવું છે. એવી અમૂલ્ય વસ્તુને છોડીને પરના રસમાં કેમ ચડી ગયો ?

'સંસારી જીવોની હાલત'

जगतमैं डोलैं जगवासी नररुप धरैं,
प्रेतकेसे दीप किधौं रेतकेसे थूहे हैं ।
दीसैं पट भूषन आडंवरसौं नीके फिरि,
फीके छिनमांझ सांझ-अंबर ज्यौं सूहे हैं ।।
मोहके अनल दगे मायाकी मनीसौं पगे,
डाभकी अनीसौं लगे ओसकेसे फूहे है ।
धरमकी वूझ नांहि उरझे भरममांहि,
नाचि नाचि मरि जांहि मरीकेसे चूहे हैं ।।४२।।

અર્થ :—સંસારીજીવ મનુષ્ય આદિનું શરીર ધારણ કરીને ભટકી રહ્યા છે, તે સ્મશાનના દીવા અને રેતીના ટીંબા જેવા ક્ષણભંગુર છે. વસ્ત્ર-આભૂષણ આદિથી સારા દેખાય છે પરંતુ તે સંધ્યાના આકાશ જેવા ક્ષણવારમાં વિલિન થઈ જાય છે. તેઓ મોહની અગ્નિથી બળે છે, છતાં પણ માયાની મમતામાં લીન થાય છે અને ઘાસ પર પડેલ ઝાકળના ટીપાંની જેમ ક્ષણમાત્રમાં નાશ પામી જાય છે. તેમને પોતાના સ્વરૂપની ઓળખાણ નથી, ભ્રમમાં ભૂલી રહ્યા છે અને પ્લેગના ઉંદરોની જેમ નાચી નાચીને તરત જ મરી જાય છે.

જગતમાં ભ્રમણ કરતાં અજ્ઞાનીજીવ નરરૂપ અથવા ચારગતિમાં કોઈપણ રૂપ ધારણ કરે છે, તે બધાં રૂપ સ્મશાનના દીવા જેવા ક્ષણભંગુર છે. સ્મશાનમાં દીવો મૂક્યો હોય તેને બૂઝાતો અટકાવવાવાળું કોઈ હોતું નથી. એક પવનનું ઝાપટું આવે ત્યાં તરત જ બૂઝાઈ જાય છે. તેમ આયુકાળ પૂરો થતાં તે જ ક્ષણે જીવ ચાલ્યો જાય છે, તેને કોઈ બચાવી શકતું નથી. આત્મા તો શાશ્વત છે, તે કાંઈ નાશ પામે તેમ નથી પણ તેનું રૂપ બદલાઈ જાય છે. રેતીના ઢગલાં વીંખાય જાય તેમ શરીરના રજકણો છૂટા પડીને ઉડી જાય છે.

શરીર ઉપર વસ્ત્ર-દાગીના આદિ સારા પહેર્યાં હોય, ટાપટીપ કરી હોય, હોઠ લાલ કર્યા હોય, હાથે-પગે મેંદી મૂકી હોય, નખ રંગ્યા હોય એટલે દેખાવમાં સારા લાગે, સ્ત્રી-પુત્ર-બંગલા-આબરૂની વચ્ચે મસ્ત થઈને ફરતો હોય તો જાણે સાંજની સંધ્યા ખીલે તેમ ખીલેલો દેખાય પણ ક્ષણમાં સંધ્યા અંધારામાં ફેરવાઈ જાય તેમ બધું પલટાઈ જાય છે. સંયોગો એકસરખા રહેતા નથી.

मोहके अनल दगे.....અજ્ઞાની મોહની અગ્નિમાં બળે છે. પરમાં મારાપણાની બુદ્ધિરૂપ મોહ, રાગ અને દ્વેષની અગ્નિમાં પોતે બળે છે, છતાં માયાની મમતા મૂકાતી

નથી. ઘાસ ઉપર પડેલ ઝાંકળનું બિંદુ ક્ષણમાં નાશ પામી જાય છે, તેમ શરીરો અને બધાં સંયોગો ક્ષણમાં નાશ પામી જાય છે. પરણવા જાય ત્યારે માથે કલગી લગાવે, પાવડર ચોપડે.....કંઈક પ્રકારે તૈયાર થાય પણ એ કેટલાં સમય માટે !

धरमकी बूझ नांहि.....એક આત્મા કોણ છે તેની એને ખબર નથી. બહારની ખબરમાં ગુંચવાયેલો રહે છે અને સ્વભાવના જ્ઞાનને ભૂલેલો છે. પ્લેગના ઉંદરની જેમ ચાલી શકતાં નથી, તરત મરી જાય છે. ત્રણસો વર્ષ પેલાં પણ પ્લેગનો રોગ હશે. એટલે જુઓ ને ! બનારસીદાસજીએ પ્લેગના ઉંદરનો દાખલો આપ્યો. મોટાં મોટાં ઉંદર હોય પણ જ્યાં પ્લેગના રોગનું આક્રમણ થાય ત્યાં–ઉંદરો નાચવાનું તો એ સમયે ક્યાં હોય ! પણ–રોગની અકળામણમાં ઊંચો-નીચો થાય છે, તેમ અજ્ઞાની રોગ, મરણ આદિની ભીંસમાં ભીંસાતો દેહ છોડી દે છે.

હવે ૪૪મા પદ્યમાં ધન-સંપત્તિનો મોહ દૂર કરવાનો ઉપદેશ આપે છે.

શ્રોતા :—જગતના જીવો જે કરે તે બધુંય ઊંધું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. બધુંય ઊંધું છે. આત્માનું ન કરે અને બીજું બધું જે કરે તે બધું ઊંધું છે.

'ધનસંપતિનો મોહ દૂર કરવાનો ઉપદેશ'

जासौ तू कहत यह संपदा हमारी सो तौ,
साधनि अडारी एसैं जैसै नाक सिनकी ।
ताहि तू कहत याहि पुन्नजोग पाई सो तौ,
नरककी साई है बडाई डेढ दिनकी ॥
घेरा मांहि पच्यौ तू विचारै सुख आंधनिकौ,
माखिनके चूटत मिठाइ जैसै भिनकी ।
एते परि होहि न उदासी जगदासी जीव,
जगमैं असाता है न साता एक छिनकी ॥४४॥

અર્થ :—હે સંસારી જીવો ! જેને તમે કહો છો કે આ અમારું ધન છે તેને સજ્જનો, જેવી રીતે નાકનો મેલ ખંખેરી નાંખવામાં આવે, તેમ છોડી દે છે, અને પછી ગ્રહણ કરતાં નથી. જે ધન તમે પુણ્યના નિમિત્તે મેળવ્યું કહો છો તે દોઢ દિવસની મોટાઈ છે, અને પછી નરકમાં નાખનાર છે અર્થાત્ પાપરૂપ છે. તમને એનાથી આંખોનું સુખ દેખાય છે, તેથી તમે કુટુંબીજનો વગેરેથી એવા ઘેરાઈ રહો છો જેવી રીતે મિઠાઈ ઉપર માખીઓ ગણગણે છે. આશ્ચર્યની વાત છે કે આટલું હોવા

છતાં પણ સંસારીજીવો સંસારથી વિરક્ત થતાં નથી. સાચું પૂછો તો સંસારમાં એકલી અશાતા જ છે, ક્ષણમાત્ર પણ શાતા નથી.

જેને તું તારી સંપદા માને છે એ સંપદાને સાધુજનો નાકના મેલની જેમ છોડી દે છે. છ ખંડના ધણી ચક્રવર્તી સમસ્ત સંપત્તિને એક ક્ષણમાં કફ છોડીએ તેમ છોડી દે છે. એ જાણે છે કે અમે જ્યાં છીએ ત્યાં આ સંપત્તિ નથી, અને જ્યાં આ સંપત્તિ આદિ છે ત્યાં અમે નથી. પોતાના સ્વરૂપનું સાધન કરવા જ્ઞાનીઓ બધાં વૈભવને નાકના મેલની જેમ છોડીને એવા ચાલ્યાં જાય છે કે ફરી કદી સામે જોવા પણ આવતાં નથી.

અજ્ઞાનીને એમ થાય છે કે આ બધી ધન-સંપત્તિ મને મારા પુણ્યથી મળી છે, માટે મારી જ છે. પણ એને ખબર નથી કે પુણ્ય કે પૈસા કોઈ મારા નથી. પૈસાની મમતા કરીને તો જીવ નરકમાં ચાલ્યો જાય છે. પૈસા તો જડ છે, એ જીવના ક્યાંથી થાય! જીવ જડને કમાતો નથી, પણ તેની મમતાથી પાપની કમાણી કરે છે. પુણ્યનો ભાવ પોતે વિકાર છે, તેના નિમિત્તે કર્મ બંધાયા તે જડ છે, અને તેના ફળમાં અનુકૂળ સંયોગ મળે તે પણ જડ છે માટે, એ ત્રણેય તારી ચીજ નથી.

પુણ્યના કારણે એની ખુરશી પેલી મૂકાય, દાન આપે એટલે એનું નામ આગળ બોલાય એટલે આ જીવ ખુશ ખુશ થઈ જાય. પણ ભાઈ! એ બધી મોટાઈ દોઢ દિવસની છે, પછી તો નીચે નરકમાં ચાલ્યો જઈશ. કુટુંબ-પરિવારની વચ્ચે બેઠો એ અત્યારે તો પોતાને ચક્રવર્તી જવો સુખી માને પણ એ બધું આંખનું સુખ દેખાવમાત્ર છે. જેમ મિઠાઈ ઉપર માખી બેસે તેમ તારી પાસે જે બધાં ભેગાં થયા છે તે પોતાના સ્વાર્થ માટે આવેલી ધૂતારાની ટોળી છે. નિયમસારમાં આવે છે કે આ સ્ત્રી-પુત્રાદિ બધી ધૂતારાની ટોળી છે.

શ્રોતા :—પોતે લૂંટાય તો ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતે લૂંટાય જ છે ને! પોતે મહેનત કરી, સમય બગાડી કમાય અને કમાણી દીકરાના ભણતરમાં કે મકાન આદિ બનાવવામાં વાપરે છે. એ શું છે!

एते परि होहि न उदासी जगवासी जीव, સંસારમાં ખરેખર એકલી અશાતા જ છે, ક્ષણમાત્ર પણ શાતા નથી. છતાં સંસારી જીવો સંસારથી વિરક્ત થઈને નિજસ્વરૂપની સંભાળ લેતા નથી એ આશ્ચર્ય છે!

(ક્રમશઃ)

* * *

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## (હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૨ થી તા. ૩૧-૩-૨૦૦૩ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૨ થી ૩૧-૩-૨૦૦૩નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) આ વર્ષે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના યોગે સં. ૨૦૦૯માં શ્રી ભવ્ય ૬૩ ફૂટ ઉન્નત માનસ્થંભ નિર્મિત થયેલ તથા પંચકલ્યાણક પુરઃસર પ્રતિષ્ઠા થયેલ. તેના ૫૦ વર્ષ થતાં સુવર્ણજયંતી મહોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ. તે મુજબ દિવાળીના દિવસોમાં સારી સંખ્યામાં લાભ લઈ શકે તે હેતુએ તા. ૩૦-૧૦-૨૦૦૨ થી તા. ૬-૧૧-૨૦૦૨ સુધી ૮ દિવસ મહોત્સવ ઉજવાયો હતો અને માનસ્તંભજીનો મહાઅભિષેકનો કાર્યક્રમ રાખ્યો હતો. આ માનસ્તંભ ઉપર દર્શન કરી શકાય તે માટે લીફટ તથા ચાલી શકે તે રીતે પાલખીની સગવડતા રાખી હતી. લીફટ વૈશાખ સુદ-૨ સુધી રાખવામાં આવી હતી. જે મહોત્સવમાં આવી શક્યા ન હોય તેઓ તથા સ્થાનિક મુમુક્ષુઓએ ખૂબ લાભ લીધો હતો. આ મહોત્સવમાં લગભગ સાત હજાર મુમુક્ષુઓ હાજર હતા. બધાએ ખૂબ આનંદ-ઉત્સાહથી ઉત્સવ ઉજવ્યો અને લગભગ ૧ કરોડની આવક સામે ખર્ચ રૂા. ૬૦ લાખનો થયો હતો. આ અગાઉ આત્મધર્મમાં અહેવાલ આપેલ.

(૩) આ સાથેનો સંસ્થાનો હિસાબ જોતાં આવક-ખર્ચનો ખ્યાલ આવશે. તા. ૧-૪-૨૦૦૨ થી ૩૧-૩-૨૦૦૩ના વર્ષ દરમ્યાન કુલ આવક રૂા. ૫૫,૦૮,૦૯૮ છે તે

ગયા વર્ષ કરતાં વધારે છે અને કુલ ખર્ચ રૂા. ૪૧,૪૭,૬૪૪ થયેલ છે. વરસ આખરે વધારો રૂા. ૧૩,૬૦,૪૫૪ છે. શ્રી માનસ્તંભની પ્રથમ સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે ખર્ચ કરતા આવક વધતા વધારો રૂા. ૧૩,૬૦,૪૫૪નો રહેલ છે.

(૪) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ (Corpus) ખાતે રૂા. ૨,૪૦,૭૭,૧૧૦ છે આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૧૧,૮૮,૭૩૨ વધારો થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું હોય છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ. તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૫) સરવૈયા મુજબ ચાલુ ફંડોમાં રૂા. ૧,૩૬,૭૫,૩૦૦ વરસ આખરે બાકી રહે છે. આ રકમ જે તે ખાતે હોય તેમાં વાપરવાની હોય છે. અને તે રકમ તથા ધ્રુવફંડની રકમ બંને ભેગી કરતાં જે આપણી પાસે રોકાણ તરીકે રકમ જોઈએ, તે ઓછી છે. જેથી આ રકમ વધુ રહે એટલું રોકાણ મળે તે બાબત આપ સૌને વિચારવા જણાવીએ છીએ.

(૬) પૂજ્ય સદ્ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની તોપભૂમિ સોનગઢ તીર્થધામનો લાભ લેવા આવનાર યાત્રીઓ-મહેમાનો માટે શ્રીમતી કળાબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિ ભવન નિર્માણ થયેલ છે. આ ભવનમાં ૮૦ રૂમો છે. કબાટમાં સ્વાધ્યાય અર્થે શાસ્ત્રો તથા દર્શન માટે ભગવાન, ગુરુદેવશ્રી તથા બહેનશ્રીના ત્રણ ફોટા રાખેલ છે. સાફસફાઈ સારી રીતે થાય છે. દરેક સગવડતા હોવાથી મહેમાનોને સંતોષ થાય છે અને આવું બીજું ભવન નિર્માણ થાય તેવી ભાવના વ્યક્ત કરે છે અને જો મોટું દાન મળે તો આ બાબત આયોજન કરવાનું વિચારી શકાય.

(૭) જિનાયતનના જિર્ણોદ્ધાર, રંગરોગાન, મરામત વગેરેનું કામ સ્વાધ્યાયમંદિરના કંપાઉન્ડમાં આવેલ જિનાયતોનું કામ પૂરું થયું છે અને હવે શ્રી કહાનગુરુપ્રભાવના દર્શન (પ્રવચનમંડપ)નું મરામત કામ પુરું થયેલ છે તથા રંગરોગાન કામ બાકી છે અને દરેક મિલ્કતો, ગેસ્ટ-હાઉસ વગેરેનું કામ એક પછી એક ચાલુ જ હોય છે.

(૮) પુસ્તકવિભાગમાં સારી રીતે પ્રગતિ થઈ રહી છે. પુસ્તક વિભાગમાં સાહિત્ય-પ્રકાશનસમિતિ સુંદર રીતે કામ બજાવી રહેલ છે. બીજાં પુસ્તકોનું પણ પ્રકાશન કરવામાં આવેલ છે. સ્થાયી પુરસ્કર્તામાં દાનની રકમ પણ સારી આવે છે. તેનો પ્રતિસાદ પણ સારો મળે છે. પુસ્તકવિભાગનું કામ સારી રીતે ચાલી રહ્યું છે.

(૯) પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોની ઓડીયો સીડી અને વીડીયો સીડી તથા પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા અને જ્ઞાનવૈભવની વીડીયો સીડી તૈયાર કરવામાં આવી છે. તથા તેનું વેચાણ ચાલું છે. કેસેટ-વિભાગનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે.

(૧૦) પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રીના જીવન-દર્શનની દસ્તાવેજી ફિલ્મનું કામ પૂરું થતાં પૂ. ગુરુદેવશ્રીની ૧૧૪મી જન્મજયંતી પ્રસંગે ૨ કલાક બતાવવામાં આવી હતી સૌએ જોઈને આનંદ સંતોષ વ્યક્ત કર્યો હતો. સી.ડી. તૈયાર થઈ ગઈ છે. મંડળોને ભેટ આપવા તથા વેચાણમાં રાખવામાં છે. આ અંગે ફિલ્મના પૂરા ખર્ચની રકમ શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર-પરિવાર, મદ્રાસ (ચેન્નઈ), હસ્તે પ્રવીણાબેન, અશ્વિનભાઈ તથા ભરતભાઈ તરફથી મળેલ છે.

(૧૧) આપણા ટ્રસ્ટ અંતર્ગત, 'શ્રી કહાનસૂર્ય દિ. જૈન ભોજનસમિતિ' ભોજનાલયની સુંદર વ્યવસ્થા કરી રહેલ છે. જમનાર બધા સંતોષ વ્યક્ત કરે છે. નિઃશુલ્ક ભોજનવ્યવસ્થા ખર્ચને પહોંચી વળવા મોટી રકમનું દાન ધ્રુવફંડ ખાતે મળેલ હોવાથી તેનું વ્યાજ તથા અનેક નાની મોટી આવક થઈ રહેલ છે, જેથી તૂટને બદલે થોડો વધારો રહે છે, જે આ સાથેના હિસાબથી જાણી શકાશે. વ્યાજના દર ઘટવાથી વ્યાજની આવક ઓછી થશે.

(૧૨) ઉપરોક્ત હિસાબી અહેવાલ તથા હિસાબો જોતાં આપ સૌને ટ્રસ્ટની કાર્યવાહી, આવક-જાવક બાબત જાણકારી મળી શકશે. ઘણા એવા ખ્યાલમાં છે કે ટ્રસ્ટ પાસે મોટી રકમ છે, જેથી સોનગઢમાં ફંડની જરૂર નથી પણ એમ નથી. આપણા ટ્રસ્ટમાં અત્યારે જે આવક છે તેના પ્રમાણમાં ખર્ચ થાય છે; પણ બધાની અપેક્ષા મુજબ ઘણી જરૂરિયાત છે; તેના પ્રમાણમાં મોટું ફંડ ટ્રસ્ટ પાસે નથી. જેથી બધાં મોટાં કામો થઈ શકતા નથી. એ માટે મોટું ફંડ ઊભું કરવાની જરૂર છે. માટે આ બાબત દરેકને વિચારવાની જરૂર છે. સોનગઢ- સંસ્થામાં લાખોના ખર્ચ સામે લાખોની આવક હોવી જોઈએ; તથા આપણાં બધાં જિનાયતનો, ભોજનાલય, ગેસ્ટહાઉસ વગેરેની જાળવણી કરવા, તેની વ્યવસ્થા માટે મોટા ફંડની જરૂર છે.

અમે કેટલીક યોજનાઓ તૈયાર કરી છે જે હવે પછી જાહેર કરવામાં આવશે.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઇચ્છા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ,

તા. ૧-૧-૨૦૦૪ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ
## તા. ૩૧-૩-૨૦૦૩નાં રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૦૨ | ૩૧-૩-૨૦૦૩ | જાવક | ૩૧-૩-૨૦૦૨ | ૩૧-૩-૨૦૦૩ |
|---|---|---|---|---|---|
| ભાડા | ૧૯,૮૨૫ | ૨૦,૪૯૯ | મિલ્કત-મરામત | ૧૧,૦૩,૧૦૦ | ૧,૧૯,૪૨૧ |
| વ્યાજ ખાતે | ૮,૨૮,૪૮૭ | ૧૦,૬૫,૫૩૩ | વીમા પ્રીમીયમ | ૧૧,૮૩૫ | ૧૨,૩૩૭ |
| ડીવીડન્ડ વ્યાજ | ૧૩,૯૧,૪૩૧ | ૧૨,૬૭,૧૫૫ | વહીવટી-ખર્ચ | ૭૭,૮૭૧ | ૫૦,૭૫૮ |
| દાન ખાતે | ૧૬,૬૬,૧૪૯ | ૨૧,૩૯,૦૯૦ | ઓડીટ-ખર્ચ | ૧૪,૪૧૬ | ૧૨,૧૮૪ |
| ગુપ્ત ભંડાર | ૩,૪૭,૧૫૭ | ૪,૯૧,૮૯૨ | ચેરીટી કમીશ્નર ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| અન્ય આવક | ૫૬,૦૧૩ | ૬૯,૯૪૭ | કાનુની ખર્ચ | ૧૦,૮૧૦ | ૫,૦૦૦ |
| કાયમી ફંડો ખાતેથી |  |  | અન્ય ખર્ચ | ૧,૫૯૦ | ૧૦,૩૬૨ |
| ટ્રાન્સફર | ૬,૧૯,૭૮૮ | ૪,૫૩,૯૮૨ | વ્યાજ-ખર્ચ | ૪,૫૯૦ | ૫,૧૦૦ |
| તૂટ સરવૈયામાં | ૧,૩૭,૨૮૫ | -- | રીઝર્વ ફંડથી લાવ્યા | ૧૯,૧૧,૪૩૨ | ૧૫,૫૨,૧૬૯ |
|  |  |  | ધાર્મિક હેતુ ખર્ચ | ૧૮,૮૦,૪૯૧ | ૨૩,૩૦,૩૧૩ |
|  |  |  | જિર્ણોધ્ધાર જોગવાઈ | -- | ૬,૦૦,૦૦૦ |
|  |  |  | વર્ષ આખરે વધારો | -- | ૭,૬૦,૪૫૪ |
|  | ૫૦,૬૬,૧૩૫ | ૫૫,૦૮,૦૯૮ |  | ૫૦,૬૬,૧૩૫ | ૫૫,૦૮,૦૯૮ |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ
## તા. ૩૧-૩-૨૦૦૩નાં રોજ પૂરા થતા વર્ષનું સરવૈયું

| ફંડો-જવાબદારી | ૩૧-૩-૨૦૦૨ | ૩૧-૩-૨૦૦૩ | મિલ્કતલેણું | ૩૧-૩-૨૦૦૨ | ૩૧-૩-૨૦૦૩ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩૭૦૩૩૨ | ૧૩૭૦૩૩૨ | સ્થાવર મિલ્કત | ૨૯૬૨૨૬૯૪ | ૨૯૯૯૬૭૧૭ |
| મિલ્કત ફંડ | ૧૨૪૪૮૬૨૩ | ૧૨૮૮૮૧૮૬ | ડેડસ્ટોક ફર્નીચર | ૩૯૨૮૭૬ | ૫૫૮૦૫૪ |
| કાયમી ફંડ | ૨૨૮૮૮૩૭૮ | ૨૪૦૭૭૧૧૦ | જંગમ મિલ્કત | ૨૬૪૨૬૭૧ | ૩૦૯૩૩૦૪ |
| ચાલું ફંડ | ૧૧૫૪૮૭૨૧ | ૧૩૬૭૫૩૦૦ | પુસ્તક, કાગળ સ્ટોક |  |  |
| રૂમ બ્લોક ડીપોઝીટ | ૨૨૧૮૨૭૫ | ૩૨૧૮૨૭૫ | પુસ્તક પ્રીન્ટીંગ | ૨૮૮૭૬૦૧ | ૨૮૦૨૩૨૩ |
| અન્ય દેવા | ૨૦૭૦૫૨૫ | ૩૨૪૭૧૪૬ | જૈન અતિથી સેવા સમિતિ | ૧૨૨૦૮૭૪ | ૧૨૭૪૭૬૩ |
| જીર્ણોધ્ધાર જોગવાઈફંડ |  | ૬૦૦૦૦૦ | અન્ય લેણાં | ૯૩૪૨૪૩ | ૧૬૯૯૧૭૦ |
| ઉપજ-ખર્ચ બાકી | ૮૧૯૩૭૩૫ | ૮૯૫૪૧૮૯ | રોકણો | ૨૨૩૨૬૮૧૫ | ૨૭૯૯૨૩૭૯ |
|  |  |  | બેંક બેલેંસ | ૭૦૭૫૫૭ | ૬૦૨૩૩૬ |
|  |  |  | રોકડ | ૩૨૫૮ | ૧૧૪૯૨ |
|  | ૬૦૭૩૮૫૮૯ | ૬૮૦૩૦૫૩૮ |  | ૬૦૭૩૮૫૮૯ | ૬૮૦૩૦૫૩૮ |

તા. ૧-૪-૨૦૦૨ થી તા. ૩૧-૩-૨૦૦૩ કુલ આવક વર્ષ દરમ્યાન

| | | |
|---|---|---|
| કાયમી ફંડોમાં ઉમેરો | ૧૧,૮૮,૩૭૨ | ધ્રુવફંડ ખાતે |
| ચાલુ ફંડોમાં ઉમેરો | ૨૧,૨૬,૫૭૯ | આ રકમ જે ખાતામાં હોય તે ખાતે વાપરવાની હોય છે. |
|  | ૩૩,૧૪,૯૫૧ |  |
| આવક દાન ભંડાર વ્યાજ | ૫૫,૦૮,૦૯૮ | (માનસ્તંભ સુવર્ણજયંતી પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે |
|  | ૮૮,૨૩,૦૪૯ | વસુલ થયેલ રકમ સહિત) |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ સંચાલિત
## શ્રી કહાન-સૂર્ય દિગંબર જૈન ભોજનસમિતિ, સોનગઢ
## તા-૩૧-૩-૨૦૦૩નાં પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૧૭,૯૧,૦૬૧ | દૂધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, પગાર ટેલીફોન, ઈલેકટ્રીક-રીપેરીંગ, કોઠાર વપરાશ વિગેરે | ૩૯,૪૪,૪૭૯ |
| કાયમી જમણનાં ખર્ચના સ્વાધ્યાયમંદિર પાસેથી | ૧,૨૭,૫૪૭ | ખર્ચ કરતાં આવકનો વધારો સરવૈયામાં ઉપજ-ખર્ચ ખાતે જમા | ૧,૮૩,૧૦૭ |
| ફોટા ફંડના વ્યાજનાં, કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના | ૮,૨૯,૨૦૩ | | |
| માનસ્તંભ કળશ પ્રતિષ્ઠા તેમજ મહોત્સવ પ્રસંગે સ્વાધ્યાય મંદિર પાસેથી | ૧૨,૫૦,૩૦૫ | | |
| બેન્ક-વ્યાજ | ૯,૩૮૨ | | |
| ભંગાર વેચાણ | ૨૫,૧૯૯ | | |
| કેશ-વટાવ | ૧,૧૯૪ | | |
| સાધારણ-ગેસ્ટહાઉસ ભાડા આવક | ૯૩,૬૯૫ | | |
| | ૪૧,૨૭,૫૮૬ | | ૪૧,૨૭,૫૮૬ |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ સંચાલિત
## શ્રી કહાન-સૂર્ય દિગંબર જૈન ભોજનસમિતિ, સોનગઢ
## તા. ૩૧-૩-૨૦૦૩ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણાં | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૬,૯૧,૦૧૨ |
| | | ડેડસ્ટોક | ૪,૭૮,૮૪૧ |
| અન્ય જવાબદારી | ૫,૩૬,૭૩૧ | અન્ય લેણાં | ૧,૬૫,૧૦૨ |
| ઊપજ ખર્ચ ખાતું | ૫,૯૬,૪૧૨ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવિંગ | ૧,૭૭૨ |
| ગ.વ. મુજબ ૪,૧૩,૩૦૫ | | બેન્ક ઓફ ઈન્ડિયાની F.D. | ૧,૫૫,૨૫૦ |
| ચાલુ સાલનો વધારો ૧,૮૩,૧૦૭ | | પુરાંત | ૧,૨૮૭ |
| | ૧૪,૯૩,૨૬૪ | | ૧૪,૯૩,૨૬૪ |

# પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રતાપે પ્રવર્તિત
# મુમુક્ષુ મંડળોને વિજ્ઞપ્તિ

ધર્મસ્નેહી ગુરુભક્ત,

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ/સંઘ

સવિનય નિવેદન કે આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રતાપે આપના ગામમાં સંવત..........માં જિનમંદિર નિર્માણ થયેલ છે. જ્યારે આ મંદિરો નિર્માણ થયા ત્યારે આપણા મુમુક્ષુઓની સંખ્યા સારી હતી, અને તેઓના લાભાર્થે-પૂજા ભક્તિ સ્વાધ્યાયનો લાભ લઈ શકે તે હેતુએ, પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળ દ્વારા તથા પૂજ્ય બહેનશ્રીની ઉપસ્થિતિમાં વીતરાગી ભગવંતોની પ્રતિષ્ઠા વગેરે થયેલ; પણ એ પછી મુમુક્ષુઓનું સ્થળાંતર થતાં સંખ્યા ઓછી થઈ ગયેલ છે; જેથી ઘણા પ્રશ્નો ઉપસ્થિત થયા છે. હમણાં હમણાં રાણપુરમાં ત્યાંના ટ્રસ્ટે સોનગઢ ટ્રસ્ટને લેખિત કોઈ માર્ગદર્શન કે સહાય માટે પત્ર લખ્યા વિના રાણપુર મંદિર કે જે પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનનું ઐતિહાસિક સ્થળ હોવા છતાં તે બંધ કરવામાં આવ્યું; તથા ત્યાંના વીતરાગી ભગવંતોનાં પ્રતિમાને પોન્નુર લઈ જવામાં આવ્યાં; અને ભાવી-તીર્થંકર સુરેન્દ્રનગર મંદિરમાં બિરાજમાન કર્યા. આ રીતે પૂજ્ય સદ્‌ગુરુદેવના કરકમળે પ્રતિષ્ઠિત થયેલ પ્રતિમાઓના ઉત્થાપનની ઘટના જાણીને ઘણાને ખૂબ જ દુઃખ થયું છે. જેથી ભવિષ્યમાં બીજા મંદિરોની આવી કોઈ સ્થિતિ ઉત્પન્ન ન થાય, તેથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોગનઢ તરફથી આપને જણાવવાનું કે આપના ગામમાં આપને કોઈ તકલીફ હોય અને મુમુક્ષુઓની સંખ્યા ન હોય, કોઈ સંભાળી-સાચવી શકે તેમ ન હોય તો જણાવશો. આપ ત્યાં જે એક બે ઘર કે વધારે હોય અને વ્યવસ્થા કે સંભાળ રાખી શકતા હો તો સારી વાત છે, તેમ છતાં કોઈ અગવડતા હોય કે આર્થિક સહાય વગેરે બાબત અમને જણાવશો તો અમે નીચે જણાવેલ કમિટિ દ્વારા જરૂર વ્યવસ્થા કરીશું. પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનમાં કોઈ પણ જિનાયતન બંધ થવું જોઈએ નહીં એવી અમારી ભાવના છે.

**કમિટિ સભ્યો**

(૧) શ્રી રસિકભાઈ અમરચંદ ડગલી, ઘાટકોપર-મુંબઈ

(૨) શ્રી નગીનદાસ હરગોવિંદદાસ અજમેરા, મલાડ-મુંબઈ

(૩) શ્રી અશોકભાઈ ખીમચંદભાઈ વાઘર, જામનગર

(૪) શ્રી રાજુભાઈ વિનોદભાઈ કામદાર, રાજકોટ

(૫) શ્રી રાજેન્દ્રભાઈ વસંતભાઈ શાહ, પાર્લા

લિ. મંત્રીશ્રી,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

## સુવર્ણપુરી સમાચાર—

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

★ ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૪-૧૨-૨૦૦૩ થી તા. ૨-૧-૨૦૦૪—દસ દિવસ સુધી અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ટ્રસ્ટ તરફથી આયોજિત અધ્યાત્મતત્ત્વપ્રધાન શિક્ષણવર્ગ ઘણો સફળ રહ્યો. સવારે પ્રવચનસાર ગાથા ૮૦, ૯૦, ૯૩, ૯૫, ૯૬ તથા સાંજે સમયસાર-પરિશિષ્ટ પર શિક્ષણવર્ગ ચાલ્યો.

**ઋષભનિર્વાણપર્વ** :— પોષ વદ-૧૪, મંગળવાર તા. ૨૦-૧-૨૦૦૪ના શુભ દિવસે પરમ પૂજ્ય ભગવાન શ્રી આદિનાથના વિશાળ વીતરાગી ભાવવાહી મનોજ્ઞ જિનપ્રતિમા સમક્ષ નંદીશ્વર જિનાલયમાં, 'શ્રી ઋષભનિર્વાણ'નું વાર્ષિક પર્વ વિશેષ પૂજાભક્તિ સહિત ઊજવવામાં આવશે.

**સમ્યક્ત્વજયંતી** :— પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૨મી સમ્યક્ત્વજયંતી તા. ૧૨-૩-૨૦૦૪, શુક્રવારથી તા. ૧૬-૩-૨૦૦૪, મંગળવાર (ફાગણ વદ ૧૦)—પાંચ દિવસ સુધી સોનગઢમાં, સુરેન્દ્રનગરનિવાસી માતુશ્રી કાન્તાબેન હિંમતલાલ ડેલીવાળા-પરિવાર હા૦ શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા તરફથી ઊજવવામાં આવશે. નિમંત્રણપત્રિકાની લેખન તથા પ્રેષણની મંગલવિધિ સોનગઢમાં તા. ૮-૨-૨૦૦૪ રવિવારના દિવસે કરવામાં આવશે.

★ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની આ પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીનું અધ્યાત્મ-સાધનામય શાન્ત વાતાવરણ મુમુક્ષુઓને વિશેષ આકર્ષિત કરે છે. યાત્રિકોનું શુભાગમન પ્રતિદિન વધતું જાય છે. આ સાધનાતીર્થની આત્માર્થભીની આધ્યાત્મિક ગતિવિધિથી અધિક પ્રભાવિત થઈને સમાગત યાત્રિગણ ઘણા જ પ્રસન્ન થઈને પુનઃ પુનઃ અહીંયા આવવાની ભાવના પ્રદર્શિત કરે છે.

આ બધો પુનીત પ્રભાવ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મપ્રભાવનાનો છે. અહો ! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની ધર્મોપકાર-છાયામાં પ્રતિદિન પ્રવર્ધમાન મંગલમય સ્વાનુભવપ્રધાન ધર્મપ્રભાવનોદય !

## વૈરાગ્ય સમાચાર—

નાગનેશનિવાસી (હાલ મુંબઈ) સ્વ૦ શ્રી પૂનમચંદ મલૂકચંદભાઈ છોટાલાલ ઝોબાળિયાના જ્યેષ્ઠ પુત્ર સમીર (વર્ષ-૪૭) તા. ૨૯-૧૦-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

માળિયા-મિયાળા (મોરબી) હાલ દાદર નિવાસી શ્રી કાંતિલાલ જગજીવનદાસ મહેતા (વર્ષ-૮૦) તા. ૫-૧૨-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ✻

સુરેન્દ્રનગર નિવાસી માતુશ્રી સ્વ. કાન્તાબેન હિંમતલાલ ડેલીવાળા-
પરિવાર દ્વારા આયોજનાધીન સ્વાનુભવવિભૂષિત
પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૨મો

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તથા સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવીને જેઓએ આપણા ઉપર અસીમ ઉપકાર કર્યો છે, એવા આપણા પરમ-તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો 'ભાવિતીર્થંકરદ્રવ્ય'રૂપ લોકોત્તર મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૨મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૧૬-૩-૨૦૦૪, ફાગણ વદ-૧૦, મંગળવારના દિવસે છે. આ મંગલ અવસર, ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની મંગલ આશીષથી તા. ૧૨-૩-૨૦૦૪ થી તા. ૧૬-૩-૨૦૦૪—પાંચ દિવસ સુધી, શ્રી 'ચોસઠ-ઋદ્ધિમંડલવિધાનપૂજા', વીતરાગ તત્ત્વજ્ઞાનની ઉપાસના તથા વીતરાગ દેવ-ગુરુ-ભક્તિ આદિ વિભિન્ન કાર્યક્રમ સાથે 'સમ્યક્ત્વજયંતી-મહોત્સવ'ના રૂપમાં, સુરેન્દ્રનગર નિવાસી માતુશ્રી સ્વ. કાન્તાબેન હિંમતલાલ ડેલીવાળા પરિવાર, હસ્તે શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા તરફથી અતિ-આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શન તથા સ્વાનુભૂતિની મહિમાના આ શુભાવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવા માટે મહોત્સવ-આયોજક તરફથી હાર્દિક નિમંત્રણ છે.

*નિવેદક :*

*શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,*

*સોનગઢ*

કોઈ પ્રશ્ન કરે કે—રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે (તો) રાગાદિને પરભાવ કેમ કહ્યાં ? તેનું સમાધાન—શુદ્ધ નિશ્ચયનયથી રાગાદિ જીવના નથી. એ પણ પર છે. શાથી ?–કે એ ભાવકર્મ છે, તેના નાશથી મોક્ષ છે. પર છે તો છૂટે છે, માટે તેને પર જ કહીએ છીએ. જ્યારે આ જીવ રાગાદિકને પોતાના નહિ માને (ત્યારે) ભવબંધપદ્ધતિ મટશે. તેથી પર રાગાદિ છોડી, શુદ્ધ દર્શનજ્ઞાનચારિત્ર છે તેને સ્વ જાણી, ગ્રહણ કરે એ જ મોક્ષનું મૂળ છે. પરિણામ જેવા કરીએ તેવા હોય છે માટે પર તરફથી છોડી સ્વરૂપમાં લગાવતાં નિજપરિણામ છે.

*—શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૬૯*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : **શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ–૩૬૪ ૨૫૦**

મુદ્રક : **કહાન મુદ્રણાલય, સોનગઢ**

તંત્રી : **હીરાલાલ ભીખાલાલ શાહ**

માલિક : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ–૩૬૪ ૨૫૦**

સ્થળ : **જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,**
**સોનગઢ–૩૬૪૨૫૦**

સંપાદક : **નાગરદાસ બેચરદાસ મોદી**

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334